# મકરાનના રાષ્ટ્રવાદીઓને કારણે તહરીકે તાલિબાન પાકિસ્તાન માટે વધુ જોખમી બન્યું છે

રવિવારે પાકિસ્તાને અફઘાનિસ્તાન પર એર સ્ટ્રાઇક કરી હતી. ઇસ્લામાબાદમાં થયેલા આત્મઘાતી વિસ્ફોટનો બદલો લેવા પાકિસ્તાને આ કામ કર્યું હતું કારણ કે, ઇસ્લામાબાદમાં થયેલા આત્મઘાતી વિસ્ફોટની જવાબદારી પ્રતિબંધિત તહરિકે તાલિબાન પાકિસ્તાને (ટીટીપી) લીધી હતી, એટલું જ નહીં, પરંતુ દેશના અશાંત પ્રદેશ બલૂચિસ્તાનના મકરાન ક્ષેત્રમાં એક ઉગ્રવાદી ટોળકીએ ટીટીપીમાં સામેલ થવાની જાહેરાત પણ કરી છે. બલૂચિસ્તાનનો મકરાન પ્રદેશ બલૂચ ઉગ્રવાદીઓનાં કારનામાનો પહેલેથી ભોગ બનેલો છે. તેને લીધે ત્યાં અર્ધલશ્કરી દળોની સાથે સૈન્ય પણ ગોઠવવામાં આવ્યું છે. બીબીસીએ સલામતી નિષ્ણાતો સાથે વાત કરીને એ જાણવાનો પ્રયાસ કર્યો હતો કે મકરાનથી ટીટીપીમાં સામેલ થયેલા લોકો કોણ છે અને મકરાનમાં તેમનાં કારનામાંની શું અસર થઈ શકે. ટીટીપીના પ્રવક્તા મોહમ્મદ ખુરાસાનીના જણાવ્યા અનુસાર, મકરાન ડિવિઝનના ઉગ્રવાદીઓએ ટીટીપીના પ્રમુખ અબુ મનસૂર આસિમ મુફ્તી નૂર વલી પાસે પલાયન તથા જિહાદની પ્રતિજ્ઞા લીધી છે. મકરાનથી સામેલ થયેલા લોકો બાબતે ટીટીપી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે મઝાર બલોચના નેતૃત્વમાં પ્રતિજ્ઞા કરનારા આ સંગઠનનો ભૂતકાળ હકારાત્મક છે. પાકિસ્તાનમાં સલામતી બાબતોના નિષ્ણાત અને પાકિસ્તાન ઇન્સ્ટિટ્યૂટ ઓફ પીસ સ્ટડીઝના ડિરેક્ટર મોહમ્મદ આમિર રાણાએ આ બાબતે બીબીસીને જણાવ્યું હતું કે "એ અજાણ્યા લોકો છે. ટીટીપીએ જે લોકોનો ઉલ્લેખ કર્યો છે, તેઓ અગાઉ કોઈ ગતિવિધિમાં સામેલ ન હતા."

મકરાનમાં ધાર્મિક ઉગ્રવાદની કોઈ જાણીતી ટોળકી નથી, પરંતુ ખાનગી સ્કૂલોના વિરોધી કેટલાક લોકો જરૂર હતા. એ સિવાય ઈરાની નાગરિકત્વ ધરાવતા કેટલાક લોકો ધાર્મિક કટ્ટરતાને કારણે મકરાન આવતા રહ્યા છે. તેમાં મુલ્લા ઉમર નામના એક માણસનો સમાવેશ થાય છે. મુલ્લા ઉમેર થોડા સમય પહેલાં કેચ જિલ્લામાં તેના દીકરાઓ સાથે માર્યો ગયો હતો. મકરાનમાં આ પ્રકારની કોઈ મોટી ગતિવિધિ અગાઉ થઈ નથી. "પંજગુરમાં તાલિબાનનું સમર્થન કરતાં કેટલાંક જૂથ હતાં અને તેમણે ટીટીપી માટે કેટલાંક કારનામાં કર્યાં હતાં. એ લોકો જ ટીટીપીમાં સામેલ થયા હોય તે શક્ય છે."

આ ક્ષેત્રમાં ઈરાનના ઉગ્રવાદી સંગઠન જૈશ-ઉલ-અદલના કેટલાક લોકો ટીટીપીમાં સામેલ થાય તેવી શક્યતા હતી, પરંતુ તેઓ હજુ સુધી સામેલ થયા નથી અને પોતાની રીતે કારનામાં કરી રહ્યા છે. ટીટીપીમાં સામેલ થયેલા લોકો સામે સંગઠિત કાર્યવાહી કરવામાં આવશે તેની અસર મકરાન પર થશે. બલૂચિસ્તાનમાં જે પ્રતિબંધિત બલૂચ ઉગ્રવાદી સંગઠન છે એ બધાં મકરાનના અલગ-અલગ વિસ્તારોમાં ખાસ ધાર્મિક પૃષ્ઠભૂમિ ધરાવતા લોકો સામે કાર્યવાહી પણ કરતા રહ્યાં છે.

"મકરાનમાંના ઉગ્રવાદી સંગઠનો બલૂચિસ્તાન લિબરેશન ફોર્સ (બીએલએફ) અને બલૂચિસ્તાન લિબરેશન આર્મી (બીએલએ) ધાર્મિક પૃષ્ઠભૂમિવાળા કેટલાક લોકો સામે કાર્યવાહી કરતાં રહ્યાં છે, પરંતુ તે એવા લોકો હતા, જેને ડેથ સ્ક્વૉડ કહેવામાં આવે છે." ટીટીપી સાથે આ ડેથ સ્ક્વૉડે જોડાણ ન કર્યું હોય તો તે બલૂચ ઉગ્રવાદીઓ અને તેમની વચ્ચે સહયોગની શક્યતા હોઈ શકે છે. એક અન્ય સવાલના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે આવું થશે તો તે દુનિયામાં ધર્મનિરપેક્ષ અને ધાર્મિક પૃષ્ઠભૂમિવાળા લોકો વચ્ચેનું પહેલું ગઠબંધન નહીં હોય. ઈરાન અને દુનિયાના અન્ય હિસ્સાઓમાં વૈચારિક મતભેદ ધરાવતા સમૂહો વચ્ચે અગાઉ પણ સંબંધ હતો. ટીટીપીના પ્રવક્તા મોહમ્મદ ખુરાસાનીના જણાવ્યા અનુસાર, મકરાન ડિવિઝનના ઉગ્રવાદીઓએ ટીટીપીના પ્રમુખ અબુ મનસૂર આસિમ મુફ્તી નૂર વલી પાસે પલાયન તથા જિહાદની પ્રતિજ્ઞા લીધી છે. મકરાનથી સામેલ થયેલા લોકો બાબતે ટીટીપી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે મઝાર બલોચના નેતૃત્વમાં પ્રતિજ્ઞા કરનારા આ સંગઠનનો ભૂતકાળ હકારાત્મક છે. પાકિસ્તાનમાં સલામતી બાબતોના નિષ્ણાત અને પાકિસ્તાન ઇન્સ્ટિટ્યૂટ ઓફ પીસ સ્ટડીઝના ડિરેક્ટર મોહમ્મદ આમિર રાણાએ જણાવ્યું હતું કે "એ અજાણ્યા લોકો છે.ટીટીપીએ જે લોકોનો ઉલ્લેખ કર્યો છે, તેઓ અગાઉ કોઈ ગતિવિધિમાં સામેલ ન હતા." પાકિસ્તાન ભલે અફઘાનિસ્તાન પર એર સ્ટ્રાઇક કરે પરંતુ તેનાથી અફઘાનિસ્તાન રતીભર પણ ગભરાઇ તેમ નથી. કારણ કે, આ એજ દેશ છે જે રશિયા અને અમેરિકા બંનેને રાતાપાણીએ રડાવી ચૂક્યું છે.

# જીવનરસને પોંખતું નાટકઃ લૉંગ ડ્રાઈવ

અક્ષરની આરાધના
સંપાદનઃ નરેશ શુક્લ

વર્ષોથી ગુજરાતી નાટ્યજગતમાં મ્હેણું હતું કે ગુજરાતીમાં ભજવવા માટે મૌલિક નાટકો લખાતાં નથી અને એટલે જ રૂપાન્તરિત કે અનુવાદિત નાટકોથી કામ ચલાવવું પડતું હતું. જો કે, હવે સ્થિતિ સાવ એવી નથી. એમાંય છેલ્લાં પચ્ચીસ વર્ષમાં શ્રી સતીશ વ્યાસે એકલા હાથે બાર જેટલાં દ્વિઅંકી નાટકો આપીને એ વાતનો છેદ ઉડાડી દીધો છે. એમનાં બધાં નાટકો છપાયાં છે અને ભજવાયાં પણ છે. હજી હમણાં જ અમદાવાદમાં એમનું નવ્ય પ્રકાશિત નાટક 'લૉંગ ડ્રાઈવ'નો પ્રયોગ થઈ ગયો અને થવાના છે. સતીશ વ્યાસ બહુ ઘોંઘાટ કર્યા વિના પોતાની ગતમાં આ દિશામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. સાફસુથરા અને સાહિત્યિક ગુણવત્તા જાળવવા સાથે રંગમંચને પણ ગૌરવ આપે એવા વિષયો, એવી રજૂઆત અને સર્વપ્રિય નીવડે તેવા વિષયો લઈને સતીશ વ્યાસ એકધારી મથામણ કરી રહ્યા છે. એમનાં નાટકોમાં 'પશુપતિ', 'કામરુ', 'અંગુલિમાલ', 'અરણ્યા', 'એક હતો રાજા' જેવાં નાટકોમાં પુરાકલ્પનોને નવા જ રંગરૂપે પ્રયોજીને નાટ્યકર્મીઓમાં ધ્યાન ખેંચેલું. આ ક્ષેત્રમાં પ્રવેશી રહેલાં યુવાનો, વિદ્યાર્થીઓ માટે એમનાં નાટકો રંગમંચ પર જવા માટેનું દ્વાર બન્યાં છે. 'જળને પડદે'ના સો જેટલા શો થયા એ બતાવે છે કે એમનાં નાટકો મંચ માટે જ બન્યા છે. એ સિવાય 'ધૂળનો સૂરજ', 'મેં ગણદેવીનો ગલો', 'મન મગન હુવા', 'બાલ્કની'- જેવાં નાટકોના પ્રયોગો થયા છે અને થતા રહેવાના છે. કેમકે, એમાં કોઈ ને કોઈ સમસ્યા એવી રીતે ગૂંથાઈ છે કે દરેક સમયે પ્રસ્તુત થાય, મજા કરાવવા સાથે કશોક મજબૂત મેસેજ આ નાટકોના વિશેષ બની રહ્યા છે.


'લૉંગ ડ્રાઈવ'- નાટક સ્ત્રી-પુરુષ સંબંધોની એક એવી જ સમસ્યાને હાસ્યના રંગે રંગીને મૂકી આપી છે. સતત હળવાશભરી પળોમાં વિસ્તરણ પામતું આ નાટક હસી નાંખવા જેવું નથી. વિધુર પિતા અને એ પિતાને માની જેમ ઉછેરતી યુવાન પુત્રી પર કેન્દ્રિત આ નાટક લિવ ઈનનું નવું રૂપ પ્રગટાવવા સાથે બદલાતાં મૂલ્યો અને એની સામે સહજીવનના ઉમદા સ્વીકારની કથાને વણે છે. સતીશ વ્યાસનાં નાટકોની વિશેષતા આ નાટકમાંય ઘૂંટાઈ છે. એ છે ઓછાં પાત્રો, રંગમંચની ઝળઝમકની જરૂરિયાત નહીં, બહુ ઓછા ખર્ચાળ સેટથી કામ ચાલી જાય. અસરકારક એવાં દશ્યોમાં વહેંચાયેલ અંકો અને ચબરાકિયા સંવાદોની વચ્ચે અભિનેતાને ખીલવા માટેની જગ્યાઓ આપતા આ લેખક દિગ્દર્શક માટે ખાસ્સો અવકાશ ઊભો કરી આપતા હોવાથી ભજવવા માટેની લાલચ જન્માવે એવું નાટક બન્યું છે.

બાળપણમાં જ વિધુર થયેલા પ્રીતમલાલ પોતાની એકની એક દીકરીને માની ખોટ પૂરીને ઉછેરે છે તો સામે પુત્રી પણ ધીમે ધીમે પિતાને ઉછેરવા, સાચવવા અને માતૃતુલ્ય વાત્સલ્ય આપતી થઈ ગઈ છે. એકબીજામાં ગૂંથાયેલાં આ પિતા એટલી હદે પુત્રીવશ થઈ ગયા છે કે પુત્રીને લગ્ન કરાવીને સાસરે મોકલવાનો વિચાર સુદ્ધાં કરી ન શકે એવી સ્થિતિમાં આવી ગયા છે. નાટકનો આરંભ એ બંનેનાં પરસ્પરાવલંબનની ક્ષણોને સરસ રીતે આકારિત કરવામાં આવી છે. એમાં અભિનેતાઓને પૂરતી મોકળાશ મળે એવો ખાસ્સો અવકાશ આપવામાં આવ્યો છે. ખાસ કરીને પૂરી મેચ્યોર થઈ ચૂકી છે, પિતાની કેર લેવામાં પોતાના અંગત જીવનને સાઈડ પર ધકેલી દીધેલું છે પણ એ સ્થિતિ બહુ ઝડપથી બદલાવનારી ઘટના બને છે. માયા નામની આધેડથી થોડી વધુ એવી સ્ત્રીના આગમનથી. હેમા ઈચ્છે છે કે એ માયા પિતાના જીવનમાં આવે અને એમની વૃદ્ધાવસ્થામાં સથવારો પામે.

માયાનું આગમન અને એની સાથીને પહેલી-બીજી મુલાકાત ભલે સાવ ઉભડક અને થોડી વાર માટે પરાણે આવી હોવાનું લગાડે પણ પછી એ જ આપણને નવા ઈલાકામાં પ્રવેશ કરાવનારું બને છે. બહુ લાંબા સંવાદો નથી, હાસ્ય જન્માવતાં જન્માવતાં ક્યારેક આકરા કટાક્ષમાં ય પ્રવેશી જતાં અનુભવાય છે પણ એનાથી જ પ્રીતમલાલનો સ્વભાવ પ્રગટી આવે છે એટલે સહ્ય બની રહે છે. લઘરા, નફકરાં, નઘરોળ અને બિન્દાસ્ત આળસુ લાગતાં પ્રીતમલાલ ખરેખર તો પુત્રીની ગેરહાજરીને કોઈ રીતે વિચારી ન શકે એવાં ગાઢ સંવેદનશીલ છે. પુત્રી માટે થઈને પોતાના વિશે વિચારવાનું જ છોડી બેઠેલા પ્રીતમલાલ પહેલી નજરે ન ગમે પણ ક્રમશઃ એમના

> **'લૉંગ ડ્રાઈવ'- નાટક સ્ત્રી-પુરુષ સંબંધોની એક એવી જ સમસ્યાને હાસ્યના રંગે રંગીને મૂકી આપી છે. સતત હળવાશભરી પળોમાં વિસ્તરણ પામતું આ નાટક હસી નાંખવા જેવું નથી. વિધુર પિતા અને એ પિતાને માની જેમ ઉછેરતી યુવાન પુત્રી પર કેન્દ્રિત આ નાટક લિવ ઈનનું નવું રૂપ પ્રગટાવવા સાથે બદલાતાં મૂલ્યો અને એની સામે સહજીવનના ઉમદા સ્વીકારની કથાને વણે છે.**

બંને વચ્ચેના સંવાદોમાં નાગરી મર્માળુ હાસ્ય જન્માવતાં શબ્દો, શ્લેષનો ઉપયોગ, વિપર્યય સર્જવાની મજાની રીતો આપણને બંને વચ્ચે રહેલ ગાઢ બોન્ડિંગને સ્પર્શી જાય. સાવ સહજ રીતે આ બંનેમાં પ્રવેશ કરતી નોકરાણી બચીનું પાત્ર ક્રમશઃ મજબૂતાઈ ધારણ કરવા લાગે છે. પુત્રી હેમા વ્યક્તિત્વમાં રહેલા ઊંડાણનો પરિચય થાય છે. એમનું બિન્દાસ્તપણું અને જીવન પ્રત્યેનું લાપરવાહ વર્તન એ બાહ્ય કોચલું છે, અંદરથી એ સમજદાર અને હર્યાભર્યા છે. આખીએ વાત કહી દેવાથી નાટકનું સસ્પેન્સ ખતમ કરવા નથી માંગતો પણ એટલું જરૂર કહીશ કે માયાની ઈચ્છાઓ




કે અપેક્ષાઓની સામે નોકરાણી બચીની વ્યવહારકુશળતા, સંવેદનશીલતા અને સમજદારી કઈ રીતે મુઠી ઊંચેરી બની રહેવા સાથે ત્રણ ત્રણ જીવનમાં બહુ મોટો વળાંક સર્જીને કજોડાને બદલે સજોડાનો પ્રશ્ન જે ગુજરાતી પ્રથમ નાટકથી ગૂંથાતો આવ્યો છે એ આ નાટકોમાં સૂક્ષ્મ સ્તરે નાટ્યરૂપે ઢળીને આવ્યો છે. પ્રેમને પામવાના તરીકા, સજોડું બનવાની શક્યતાઓને તાગવાની રીતો, સમજદારીનું નવું રૂપ, આધુનિક યુગમાં રહેલી અપેક્ષાઓને આ નાટક મજબૂત રૂપે આપણી સામે મૂકી આપે છે.

સતીશ વ્યાસનાં નાટકોની ભાષા વિશે સ્વતંત્ર અભ્યાસ થઈ શકે. શબ્દોના અર્થોનો નવો ઉપયોગ, નાગરી શૈલીમાં રહેલ મર્માળુ હાસ્ય, ભાષા સાથે રમવાનો એમનો અનોખો અંદાજ મજા કરાવનારો બને. બાહ્ય સંઘર્ષ કે સંઘર્ષને સાવ મોટા મોટા રૂપે મૂકવાને બદલે ચૈતસિક સ્તરે આલેખવાનો કસબ તેઓ દાખવતા રહ્યા છે. એટલે એમનાં નાટકોમાં એવી ઘટનાઓ ઓછી ઘટે છે, ઘટનાઓને બદલે સંવાદો ઉપર એમનું ફોકસ વધારે રહે છે. ક્રિયાત્મક અને ચિન્તનાત્મક સંવાદો જરૂર હોય છે એટલે જો અભિનેતા અને દિગ્દર્શક એ જગ્યાઓ ચૂકી જાય તો નાટક પૂરેપૂરું પહોંચે નહીં એવું બની શકવાનો ભય રહેલો છે. મોટી ઉંમરે વિધુર કે એકલાં રહેતાં સ્ત્રી-પુરુષનાં લગ્ન એમનાં જ સંતાનો વિચારે- એવી કેટલીક ફિલ્મો, નાટકો લખાયાં જરૂર છે પણ એમાંય આ નાટક નોખી તાજગી દાખવી શક્યું છે એનો આનંદ.

સતીશભાઈનાં બીજાં નાટકોમાં ગીતોનો ઉપયોગ એમણે અવારનવાર કર્યો છે. આ નાટકમાં એ રીતે એક પણ ગીત મૂક્યું નથી. હા, છેલ્લે અંત વખતે જરૂર ઉપયોગ કર્યો છે. જો કે, આ નાટકમાં બચીનું પાત્ર ડાર્ક હોર્સની જેમ છેલ્લે આગળ નીકળી જતું અનુભવાય છે અને એ જ તો લેખકે કરવું છે. શિક્ષણની અસમાનતા, આર્થિક અસમાનતા, સામાજિક ધરાતલ સાવ ભિન્ન હોવા પછીયે કશુંક એવું હોય છે જે તમને સંબંધમાં જોડાવા માટે પૂરતું થઈ રહે. એ માટે જોઈએ ખુલ્લું મન. એક સંવાદમાં એ કેટલું અસરકારક રીતે પ્રગટ થયું છે તે જુઓ-

બચી- સેઠ ! છોડી બહાર જૈને સુખી થાય ઈ જોવું હારું કે ઘરમાં રૈને સોરવાય ઈ હારું ! ઈના માટેનો તમારો ભાવ એવો કેવો ? હાચો પ્રેમ કોઈને બાંધે એવો નોય મારા શેઠ. ઈ તો હંધાયને સાંધે એવો હોય. તમે આ તૂટવા-ફૂટવાની વાત કરો સોને ? પણ આ પ્રેમનું ઝારણ તો એકેય સાંધો નો રહેવા દે. (પૃ.44)

ટૂંકા ટૂંકા સંવાદોમાં વિસ્તરણ પામેલું આ નાટક ભજવાતું જોવું ગમે. ચિત્તને ગાઢ એવા કોઈ સંઘર્ષનો અનુભવ ન કરાવે, પણ હળવાશભરી શૈલીએ, મજા કરાવવા સાથે આ નાટકને માણી શકાય એવું છે. તે પછીયે નાટકનું મૂલ્ય વધારે છે, કેમકે, એ આપણા સમાજમાં ચાલતાં વહેણનો આયનો છે. અનેક મનુષ્યોને જીવનમાં સીધા જ સ્પર્શતા પ્રશ્નનો નાજુક હલ છે અને એટલે જ નાટકનું મુખ્ય પ્રયોજન - કાન્તા જેમ મીઠી સલાહ આપીને આપણને બ્રહ્માનંદ સહોદર આનંદ આપવાનું કારણ પણ બનતું હોય છે. આ નાટક એમ કરી શકશે ચોક્કસ. રંગમંચ પર ભજવાતું જોવું ગમે, ગમશે. ચોક્કસ.


(લૉંગ ડ્રાઈવ (નાટક) લે. સતીશ વ્યાસ, પ્ર.આ. 2025, પ્રકા. અરુણોદય પ્રકાશન, 202, હર્ષ કૉમ્પલેક્સ, ખત્રીપોળ, પાડાપોળ સામે, ગાંધીરોડ, અમદાવાદ-380 001, કુલ પાનાં- 56, કિં. 100.00રૂ. કાચું પૂંઠું, ક્રાઉન)

# નવી કેળવણી જ્યારે અપનાવી રહ્યા છીએ ત્યારે...

'હું પ્રધાનના હોદ્દા પર હોઉં તો એવી વ્યાપક સૂચનાઓ આપી દઉં કે, હવે પછી કેળવણીને લગતી સરકારની બધી જ પ્રવૃત્તિ પાયાની કેળવણીને ધોરણે તેની દિશામાં ચાલશે....ઈન્સ્પેક્ટરો અને અમલદારોને આ નીતિ કે આ કેળવણી વિશે શ્રદ્ધા ન હોય, અથવા વફાદારીથી નવી નીતિનો અમલ કરી તેને પાર પાડવાની તેમની નામરજી હોય, તો તેમને હું રાજીનામું આપી સરકારી નોકરીમાંથી અળગા થવાની છૂટ આપું. પણ પ્રધાનો પોતાનું કામ બરાબર જાણતા હોય અને તેની પાછળ તન તોડીને હોંશથી તેમ જ ખંતથી મંડે, તો આવું કરવાની જરૂર પડે એમ મને નથી લાગતું. પણ એટલું સાફ સમજવું જોઈએ કે, ઑફિસની ખુરશીમાંથી બેઠે બેઠે એક પછી એક હુકમો છોડવાથી આ કામ બનવાનું નથી.'(મો.ક.ગાં. આ.જ.ન.પૃ.5)

આજથી લગભગ 80-85 વર્ષ પહેલાં આપણે ત્યાં સ્વાતંત્ર્યની ચળવળ એના હાઈ પીક પર હતી. આખોય દેશ ઉપર-તળે થઈ રહ્યો હતો. સામાન્યજનથી માંડીને મોટા મોટા ગણાતાં માથાઓ અને રાજા-રજવાડાઓ પોતાપોતાનાં ગજા પ્રમાણે આઝાદીના જંગમાં આહુતિ આપી રહ્યા હતા એ સમયે દેશમાં નવી શિક્ષણનીતિ કેવી હોવી જોઈએ, અંગ્રેજોની નીતિઓને છોડીને પોતાની કહેવાય એવી કઈ પદ્ધતિઓ દરેક ક્ષેત્રમાં અપનાવા માટેની માથાપચ્ચીસી ચાલતી હતી. એ સમયે ગાંધીજીએ ઉચિત રીતે જ આ ચર્ચા મોટાપાયે છેડેલી. એમાં સામાન્યજનથી માંડીને તત્કાલીન મહાનુભાવોએ પોતાના મંતવ્યો, પોતાની ધારણાઓ, અપેક્ષાઓ અને પક્ષ રજૂ કરતાં લખાણો લખ્યાં, લેખો પ્રકાશિત થયા, પુસ્તકો પણ પ્રકાશિત થયાં. એ સમયે જેનું બહુ જ ચલણ હતું એ પત્રો તો ખૂબ મોટા પ્રમાણાં લખાયાં અને એના વડે જનમત ઊભો કરવાની મથામણ ચાલી હતી. આઝાદી મળ્યા પછીએ એ મથામણ ચાલતી રહી. ભાષાને આધારે રાજ્યો, દ્વિભાષી રાજ્યો, પરંપરાઓ, સર્વેને સાથે રાખવાની મથામણો- આપણી કલ્પના બહારની મથામણો એ સમયે ચાલી, અનેકક્ષેત્રોમાં એ ચાલતી રહી. એ અંગે વખતો વખત ગાંધીજીએ એ સમયની માંગ, એ સમયની સ્થિતિ અને એ સમયની પ્રજાની માનસિક સ્થિતિ, ગરીબી, નિરક્ષરોનું વ્યાપક પ્રમાણ, રોજગારીનો અભાવ, શિક્ષણ સંસ્થાઓનો ય મોટો અભાવ- જેવા અનેક પરિબળોને ધ્યાનમાં રાખીને શ્રમકેન્દ્રી, સ્વાશ્રયી અને ગામડાઓની હાલતને નજરે રાખી શિક્ષણ આપવાની પદ્ધતિઓ વિશે વિચારો વ્યક્ત કર્યા છે. વખતો વખત જાહેરમાં એ માટે બોલતાં રહ્યા, લખતા રહ્યા અને જરૂર પડ્યે પ્રશ્નોત્તર રૂપે પણ સમાધાનો આપતા રહ્યા. આ ગ્રંથમાં શ્રી મગનલાલ દેસાઈએ ગાંધીજીના કેળવણી વિષયક વિચારોને સંકલિત કરીને મૂક્યા છે. પુસ્તક તો પંચોતેર વર્ષ જૂનું છે પણ જ્યારે ભારત સરકાર નવી શિક્ષણ નીતિ લાગુ કરી ચૂકી છે, એને લઈને જાત-ભાતનાં પ્રશ્નો પૂછાય છે, વિચારાય છે ત્યારે આ ગ્રંથને વાંચવા જેવો છે. એમાં કેટલીક પાયાની વાત એવી છે જે આજે પણ એટલી જ પ્રસ્તુત છે. આજે પણ દિશા ચીંધનારી છે.

એ સમયના પ્રશ્નો અને સ્થિતિ જૂદી હતી એટલે કેટલીક બાબતો આજે છોડી દઈએ તો પણ પાયાનું કે બુનિયાદી




શિક્ષણ શા માટે જરૂરી છે અને એનો અતિ આગ્રહ શા માટે રાખતાં હતાં, એની પાછળની મન્છા શું હતી એ જાણીએ તો લાગ્યા વિના ન રહે કે આજે જે સંશોધન, પ્રેક્ટિકલ અને ઈન્ટર્નશીપ ઉપરાન્ત ચોઈસ બેઝ શિક્ષણ આપવા તૈયાર થઈ રહ્યા છીએ તે ઓલરેડી એ સમયે વિચારાયું અને આચારમાં ય મુકવાનો પ્રયત્ન કરવામાં આવ્યો જ છે. કમનસીબે આપણું અંગ્રેજી તરફનું ઘેલું, પશ્ચિમની સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરવાની જબરી ઈચ્છાને કારણે બધું જ સમજવા સાથે મેકોલોનું બાવલું મનમાંથી હટાવ્યું નથી. આજે પણ માતૃભાષાનું મહત્ત્વ કરવા માટેની ચર્ચા કરતાં સેમિનારો અંગ્રેજીમાં જ થાય છે. અંગ્રેજી પદ્ધતિએ અને અંગ્રેજી રીતભાતથી જ થાય છે. ગાંધીજી સ્પષ્ટ હતા કે - શિક્ષણમાં અનેક ઉદ્યોગ, કારીગરીની કળાઓ, સાહિત્ય અથવા લલિતકળા વગેરેમાં રાષ્ટ્રને આવશ્યક એવું શિક્ષણ આપવાની ગોઠવણ કરી શકાય.-પણ એવું ન થયું. સેમિસ્ટર પદ્ધતિએ જે દાટ વાળ્યો છે (ખાસ કરીને વિનયન જેવી શાખાઓમાં) એ આવનારાં 2047 સુધીમાં બહુ મોંઘા પરિણામો જન્માવશે એ નક્કી છે. આપણે દર બે-ચાર દાયકે નવી પેઢી પર પ્રયોગ કરી રહ્યા છીએ અને એનાં પરિણામો સીધા જ જેને ભોગવવાના છે એ સમાજને કશી દરકાર નથી રહી, નથી રહ્યું ઈન્વોલ્વમેન્ટ.

આ ગ્રંથમાં સમાવાયેલ સર્વ વિચારો સાથે સહમત ન થઈ શકીએ. કેમકે, હવેની જરૂરિયાત બદલાઈ ચૂકી છે. જો કે, એ સમયે ગાંધીજીએ પ્રાઈવેટ સેક્ટરને ઉચ્ચ કેળવણી સોંપવી જોઈએ અને સરકારે માત્ર મોનિટરિંગ બોડી- તરીકે કામ કરવું- જેવો આગ્રહ રાખેલો એ આજે આપણે મોટાભાગે સ્વીકારી લીધો છે, પણ એના વરવા રૂપે. એમનો ઉદ્દેશ સાવ જૂદો હતો- એમને હતું કે મોટા ઉદ્યોગોને આવશ્યક એવી સ્કીલ કેળવવાની જવાબદારી એ ઉદ્યોગોએ લેવી. નહીં કે મા-બાપોને નીચોવી લેવા. ખેર, આ માત્ર શિક્ષણ સાથે સંકળાયેલ શિક્ષકો, ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, સંચાલકો, વિદ્યાર્થીઓ કે કેળવણીકારો માટે જ નહીં, બધાએ ફરજિયાત વિચારવું પડે- એવો વિષય છે. અને એમ કરવામાં આ ગ્રંથ ઉપયોગી થાય એવો જરૂર છે. અને એટલે જ આજે આટલા વર્ષ પછી એના વિશે લખવાનું મન થયું.

ગાંધીજી કહેતા હતા એ આપણે કેટલું સાર્થક કરી બતાવ્યું છે એ જૂઓ-સાત વરસ સુધી મફત અને ફરજિયાત કેળવણી આપવી. (આપીએ છીએ, મોંઘાભાવે લે એવી રીતે ટોળાને વાળીએ છીએ) કેળવણી માતૃભાષામાં જ આપવી જોઈએ. ( આ આપણે નવી શિક્ષણનીતિમાં સ્વીકાર્યું છે એનો આનંદ,પણ હજી એ ઉચ્ચ શિક્ષણમાં કેવું રૂપ લે છે એ જોવું રહ્યું) આખાય શિક્ષણ દરમિયાન કેળવણીનું મધ્યબિંદુ કોઈ પ્રકારનું શારીરિક અને ઉત્પાદક કામ હોવું જોઈએ. ઉદ્યોગો સાથે અનુસંધાન રહે એવી રીતે, તેની બધી શક્તિઓનો વિકાસ થાય એવું શિક્ષણ આપવું. - આ વિશે આજે આપણે ક્યાં છીએ એ વિશે પુનઃ પુનઃ વિચારવાની જરૂર છે. આજે અત્યંત તેજસ્વી એવા વિષ્ય નિષ્ણાતો નીપજાવતા હોઈશું પણ શારીરિક પ્રવૃત્તિઓમાં, શ્રમની બાબતે જે અવહેલના ચાલે છે તે બીમાર સમાજના નિર્માણનું કારણ બને છે. સૌ કોઈ એકવાર આ ગ્રંથ વાંચી જાય એવી અપેક્ષા રાખું છું.

(પાયાની કેળવણી, લે. ગાંધીજી, સંપા. મગનભાઈ દેસાઈ, પ્ર.આ. 1950,ચોથું પુનઃ મુદ્રણ-2012, પ્રકા. નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-38014, કુલ પાનાં- 144, કિં. 120.00 રૂ. કાચું પૂંઠુ, ડેમિ)

## સ્વીકાર-સમાલોચના

**'સંવેદનાનો સેતુ': લે. ડો. મતાઉદ્દીન ચિશ્તી પીરઝાદા. અરુણોદય પ્રકાશન, અમદાવાદ આવૃત્તિ પહેલી, કિં. રૂ. 600.**

પ્રત્યેક રચના સાથે, તેના ભાવના અનુબંધને અનુલક્ષીને, રચનાની સાથે સાથે ચિત્રોની રજૂઆત પુસ્તકને વિશિષ્ટ બનાવે છે. અલગ અલગ સંવેદનામાં ક્યાંક ક્યાંક અગોચર પ્રદેશને પણ શબ્દબધ્ધ કર્યો છે તે રચનાકારની લાક્ષણિકતા છે. પુસ્તક તેના પ્રકાશનમાં અનોખી ભાત પાડે છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સ્વચ્છતા માટે નાગરિક જવાબદારી અનિવાર્ય

આજે દરેક શહેરને સ્વચ્છ અને વ્યવસ્થિત બનાવવા માટે સરકારી તંત્ર સતત પ્રયત્નશીલ છે. છતાં ઘણી વખત આપણે નાગરિક તરીકે પોતાની ફરજ પ્રત્યે ઉદાસીન જઈએ છીએ. રસ્તા પર કચરો ફેંકવો, ઘરના બહાર કચરાપેટી મૂકી દેવી અથવા જાહેર સ્થળોની સફાઈ પ્રત્યે બેદરકારી દાખવવી – આ બધું શહેરની છબી પર સીધી અસર કરે છે. સ્વચ્છતા માત્ર નગરપાલિકા અથવા પ્રશાસનની જવાબદારી નથી. દરેક નાગરિક પોતાના ઘર અને આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખે તો આખું શહેર આપમેળે સ્વચ્છ બની શકે છે. નાના નિયમોનું પાલન અને પરસ્પર સહકાર મોટા પરિવર્તનનું કારણ બની શકે છે. શહેરની ઓળખ માત્ર ઈમારતો અને રસ્તાઓથી નથી બનતી, પરંતુ ત્યાં રહેતા લોકોના સંસ્કાર અને શિસ્તથી બને છે. જો દરેક વ્યક્તિ એ નક્કી કરે કે તેના કારણે ગંદકી નહીં ફેલાય, તો સ્વચ્છતા અભિયાનને સાચો અર્થ મળશે. ચાલો, આપણે સૌ મળીને નાગરિક જવાબદારી નિભાવવાનો સંકલ્પ કરીએ અને આપણા શહેરને સ્વચ્છ, સુંદર અને ગૌરવપૂર્ણ બનાવીએ.

**સુરત - પવનકુમાર વિશ્વકર્મા**

## વંદે ભારત ચકાચક અને લોકલ, પેસેન્જર ટ્રેન..

ભારતીય રેલવે માં વંદે ભારત ટ્રેન હાઈટેક, આધુનિક સુવિધાઓ થી સજ્જ ટ્રેનો આવી. એટલે , રેલવે અને આપણે ગૌરવ અનુભવયે છે.પંરતુ ૪૩ વર્ષ પહેલા અમો કોલેજ કાળ દરમિયાન લોકલ ટ્રેન, એક્સપ્રેસ ટ્રેન માં અપ ડાઉન કરતા ત્યાર ની સુવિધા અને ૪૩ વર્ષ પછી પણ ટ્રેનો ની સુવિધા માં કોઈ ફરક પડ્યો નથી, ટોઈલેટ અને ડબ્બા ની ગંદકી માં કોઈ સુધારો થયો નથી, હાલમાં જ દરરોજ મુસાફરી કરતા મુસાફર રે ગુજરાત મિત્ર અખબાર સામે પોતાનો રોષ ઠાલવ્યો કે શું. અમને શ્રાપ મળ્યો છે કે અમને ટ્રેનોમાં આવી ગંદકી અને અસુવિધા માં મુસાફરી કરવાનો. ભારત દેશના કરોડો લોકો ની રોજિંદી દિનચર્યા રેલવે સાથે જોડાયેલી છે, વંદે ભારત જેવી ટ્રેનો માં મુસાફરી નો હિસ્સો અડધો ટકો થી પણ ઓછો હશે, રેલવે ની આવક માં પેસેન્જર ટ્રેન,ગુડસ અને લોકલ ટ્રેન નો હિસ્સો વધુ હશે, આવી ટ્રેનો માં નેતાઓ, પ્રધાનો, રેલવે અધિકારીઓ મુસાફરી કરતા નથી એટલે તેઓને ગંદકી અને અસુવિધા દેખાતી નથી, કોરોના કાળથી ઘણી પેસેન્જર ટ્રેન,લોકલ ટ્રેન બંધ કરી દેવામાં આવી છે જે આવી પ્રીમિયર ટ્રેનો ના ભોગે, બંધ કરેલી ટ્રેનો જેમાં રોજિંદા નોકરિયાત, સામાન્ય લોકો, વિદ્યાર્થીઓ મુસાફરી કરતા હતા. આપણા માનનીય વડાપ્રધાન શ્રી પણ સામાન્ય પરિવારમાંથી આવે છે તેમણે પણ લોકલ ટ્રેન માં મુસાફરી કરી છે માટે આપણે તેમની પાસે સુવિધા માટે આશા રાખી શકીએ, વડાપ્રધાન શ્રી ઘણીવાર વંદે ભારત ટ્રેન, મેટ્રો ટ્રેન માં મુસાફરી નો પોઝ આપે છે, કાશ. એકવાર અનરિજવડ ટ્રેનો માં પણ

**કીમ - પી.સી.પટેલ**

## ઘર ઘર સ્વદેશી

અત્યારે કેન્દ્ર સરકાર હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશીનું જે અભિયાન ચલાવી રહી છે, ત્યારે આવા ઘણા પ્રશ્નો લોકોનો મોઢે સાંભળવા મળી રહ્યા છે, કે એકબાજુ કેન્દ્ર સરકાર પોતે જ વિદેશી મૂડીરોકાણ માટે વિદેશી રોકાણકર્તાઓને આવકારતી હોય અને બીજી બાજુ સ્વદેશીની વાતો કરે, એ શું વિરોધાભાસી નથી? આપણે જો પોતાના ઉત્પાદનો દુનિયાના બજારોમાં વેચવા હોય તો દુનિયાના અન્ય દેશોના ઉત્પાદનોને પણ આપણા દેશમાં વેચવાની મોકળાશ આપવી પડે.

એમાં સ્વદેશીનો આગ્રહ નહી ચાલે. અમારે તો સ્વદેશી જ વાપરવું છે, પણ દેશમાં વિદેશી ઉત્પાદનો વેચાતા હોય તો અમે શું કરીએ? અમારે સ્વદેશી તો વાપરવું છે પણ આપણા દેશની ચીજવસ્તુઓની ઓછી ગુણવત્તાનું શું કરીશુ? આવા પ્રશ્નો પૂછાવા પણ જોઈએ. આપણે કોઈપણ બાબતે તર્ક, અને આપણા સ્વવિવેકથી સંમત થયા પછી જ તે બાબત અપનાવવાની હોય. તો ચાલો આપણે આવા પ્રશ્નોનો તર્કબધ્ધ જવાબ જોઈએ. બીજા વિશ્વયુધ્ધ પછી ઠંડુ યુધ્ધ જયારે ચરમે હતું ત્યારે અમેરિકાના પ્રમુખ જીમી કાર્ટરને એક પત્રકારે એ પકારનો પ્રશ્ન કર્યો કે 'તમારા મતે અમેરિકાનું સૌથી મોટુ દુશ્મન કોણ? બેરોજગારી કે રશિયા?' તો કાર્ટરે જવાબ આપેલો કે, અમેરિકાનું જો કોઈ મોટો દુશ્મન હોય તો તે જાપાન છે. કેમ કે રશિયા સામે આપણે યુધ્ધ કરી શકીએ છીએ.

પણ જાપાન જે રીતે સ્વદેશીના હથિયારથી આપણી સામે લડે છે તેનો આપણી પાસે કોઈ જવાબ નથી. તે સમયે આખી દુનિયાભરના બજારો મેડ ઈન જાપાનનો ડકો વગાડતા ઉત્પાદનોથી ઉભરાતા હતા, તેમાં અમેરિકા પણ બાકાત નહોતું. અમેરિકાની ઉત્પાદન ક્ષમતા જાપાન કરતા પણ વધુ હતી છતાં જાપાન અમેરિકાને વેપાર યુધ્ધમાં હંકાવતું હતું. કેમ કે, જાપાની પ્રજા પોતાના દેશમાં, વૈશ્વિક વ્યાપારના તમામ નિયમોના દાયરામાં રહીને પણ અમેરિકી ઉત્પાદનોનો ચૂપચાપ બહિષ્કાર કરતી હતી. એટલે જ, અમેરિકાના પ્રમુખ કાર્ટરે કહયું હતું કે, જાપાનને હરાવવું અઘરું છે. આમ, સ્વદેશી અને આત્મનિર્ભરતા એ સરકારનું કામ છે જ નહિ, એ પ્રજા તરીકેની આપણી જવાબદારી છે, આપણી ફરજ છે. માતાને પ્રેમ કરો, પિતાનો આદર કરો એમ કોઈ વડાપ્રધાને આપણને કહેવું પડે ખરું? જો નહિ તો પછી માભોમને અને પિતૃ સંસ્કારીતાનો આદર કરવાનું કોઈએ આપણને શા માટે કહેવું પડે? શું આપણે સ્વદેશી અને આત્મનિર્ભરતાને આપણી પ્રકૃતિ નહી બનાવી શકીએ?

**નેત્રંગ - જયસીંગ ગામિત**

## હું જ શ્રેષ્ઠ, હું જ બુદ્ધિશાળી!

હું શ્રેષ્ઠ એ મનોવૃત્તિ આત્મસન્માનની દૃષ્ટિએ યોગ્ય પરંતુ હું જ શ્રેષ્ઠ એ આત્મશ્લાઘા ગણી શકાય. વિવિધ ક્ષેત્રોમાં ઘણી શ્રેષ્ઠ અને બાહોશ વ્યક્તિઓ હોય છે. જે અન્ય વ્યક્તિઓની ગણના તૃણ સમાન કરતી હોય. સ્વયં કાબેલિયત ધરાવતા હોય એનો અર્થ એ નથી કે અન્ય વ્યિક્ત પણ હોશિયાર કે કાબેલિયત ધરાવનાર નથી. રાજકારણ, રમતગમત, સાહિત્ય, કળા શિક્ષણ વિ. અનેક ક્ષેત્રે ક્યારેક યોગ્ય વ્યક્તિને અન્યાય થતો જણાય છે. અમુક સત્તાધારક વ્યક્તિ યોગ્ય વ્યક્તિને રનડાઉન કરી એમનો આત્મવિશ્વાસ ડગાવી દેતા હોય છે. આગળ નહીં આવવા દેવાની વિકૃતગ્ર ધરાવતા હોય. આવી ભાવના અમુક અંશે વેરભાવના કહી હકાય. કદાચિત મનથી ડરતા હોય કે મારાથી વધુ આગળ પ્રગતિ કરી જશે અને મારુ મહત્ત્વ ઘટી જશે. ઈશ્વરે સૌ માં કંઈક ને કંઈક ખૂબી મૂકી જ હોય છે. તેમજ ખામી પણ મૂકી હોય છે. ખૂબ પારખીને એમને પ્રોત્સાહન આપવાનું કાર્ય પણ પુણ્યકાર્ય જ ગણી શકાય. જો અહમ આડે ન આવતો હોય તો બાકી આપણે બુધ્ધિમાન હોઈએ તો બીજા બુધ્ધિવિહિન કે મૂર્ખ નથી જ હોતા.

**સુરત - નેહા શાહ**

## લહાણી નહી રોજગારી આપો

દેશમાં ચૂંટણી પહેલા સરકાર સામે વિપક્ષો દ્વારા કરાતી મફત લહાણીની જાહેરાતોથી સુપ્રિમ કોર્ટે કડક વલણ અપનાવીને સરકારને જણાવ્યું છે કે, મફત ભોજન, વીજળી અને હવે તો સીધી રોકડ ટ્રાન્સફર થવા લાગી છે. જેના ઉપરીત પરિણમ સ્વરૂપ જનતા આળસુ અમે નિષ્ક્રીય બની છે. સરકાર વોટ મેળવવાના હેતુથી મફત વિતરણ સીસ્ટમ ચાલુ રાખી છે. જેથી જંગી દેવુ થઈ ગયુ લછે. અમે વિકાસ માટે પુરતુ ભંડોળ રહ્યુ નથી જે દુઃખદ બાબત છે. સરકાર મફત લહાણીના બદલે રોજગારીની તકો ઊભી કરે જેથી જનતા સ્વાયતથી જીવતી નિર્વાહ કરી શકે. આ અંગે વર્તમાન સરકાર અમે વિરોધી પક્ષોએ સંયુક્તપણે જનહિતમાં લહાણીઓ બંધ કરી રોજગાર નિર્માણ તરફ ધ્યાન કેન્દ્રીત કરવુ જોઈએ.

**મોટા મંદિર, સુરત - રાજુ રાવલ**